**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# પંચમહાલ જિલ્લાના વિવિધ લોકમેળાઓ

**ગૌસ્વામી નિલેશપુરી હસમુખપુરી**

રીસર્ચ સ્કોલર, ઈતિહાસ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

માર્ગદર્શક

**ડૉ. કુમારપાળ પરમાર**

અસોસિએટ પ્રોફેસર, ઈતિહાસ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશ**

મેળાનું અંગ્રેજી "Fair" એ લેટિન Foire, Fariae શબ્દમાંથી બન્યો છે જેનો અર્થ Holiday- પર્વ દિવસ એવો થાય છે. મેળો માનવીને આનંદ ખરીદી અને દેવદર્શનની અણમોલ તક પૂરી પાડે છે. શ્રધ્ધાના તાંતણે બંધાયેલો માનવી સંસારની સુખદુ:ખની ઘટમાળમાંથી રાહત મેળવવા ઈશ્વર તરફ અભિમુખ બને છે. દેવમંદિરોના સ્થળે ભરાતા મેળામાં જઈને માનવી આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરે છે. મેળાઓ આખો દિવસ કામ કરતા માનવીના જીવનમાં વૈવિધ્ય લાવી એના હૈયાને હળવું બનાવી આનંદથી ભર્યુંભાળ્યું બનાવે છે. આવા પંચમહાલ જિલ્લામાં ભરાતા વિવિધ લોકમેળાઓનો પરીચય કરાવવા માટે કરેલ હોઈ તેમાં જાણવા મળ્યું છે કે, પંચમહાલ જિલ્લામાં કલેશ્વરીનો મેળો, મરડેશ્વર મહાદેવનો મેળો, આમલી અગિયારસનો મેળો, ચૂલનો મેળો, પાવાગઢનો મેળો, એકાક્ષી મંદિરનો મેળો, ભીમચોરીનો મેળો, તરસંગનો મેળો, મહી –પૂનમનો મેળો , માનગઢ ડુંગરનો મેળો, કુતુબશાહનો મેળો અને ચાડીયાનો મેળો: એક કુલ 12 મેળાઓ ભરાય છે. પ્રસ્તુત અધ્યયનમાં પંચમહાલ જિલ્લાના મહત્વના લોકમેળાઓનું અધ્યયન કરવામાં ઇ.સ.1991 થી 2001 ના ગાળા દરમીયાન પંચમહાલ જિલ્લાનું વિભાજન થતાં પંચમહાલ જિલ્લાના પૂર્વ વિભાગના તાલુકાઓ સંશોધકે આ શોધપત્રમાં પંચમહાલ જિલ્લામાં ભરાતા વિવિધ લોકમેળાઓનો પરીચય કરાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો:** લોકમેળાઓ, પંચમહાલ જિલ્લો

## 1. પ્રસ્તાવના

પંચમહાલ જિલ્લો ગુજરાત રાજ્યની પૂર્વ સરહદે આવેલ એક જિલ્લો છે આ જિલ્લો લગભગ 20⁰30′ થી 23⁰30′ ઉતર અક્ષાંશ અને 73⁰15′ થી 74⁰30′ પૂર્વ રેખાંશ વચ્ચે રાજ્યના પૂર્વ ભાગમાં આવેલો છે. આ જિલ્લો ઉત્તરે સાબરકાંઠા અને રાજસ્થાનનો વાંસવાડા જિલ્લા, પૂર્વે મધ્યપ્રદેશનો ઝાંબુઆ જિલ્લો, પશ્ચિમે વડોદરા અને ખેડા જિલ્લાઓ તેમજ દક્ષિણે મધ્યપ્રદેશનો ઝાંબુઆ જિલ્લો આવેલો છે. પંચમહાલ જિલ્લાની ઉતર દક્ષિણ લંબાઇ લગભગ 129 કિ.મિ.અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ લગભગ 116 કિ.મિ. છે. ઇ.સ.1960 માં મુંબઇ રાજ્યનું વિભાજન થતાં પંચમહાલ જિલ્લો ગુજરાત

રાજ્યનો એક ભાગ ભાગ બન્યો. પંચમહાલ જિલ્લો ગુજરાતના પૂર્વ ભાગમાં આવેલ છે. પ્રસ્તુત અધ્યયનમાં પંચમહાલ જિલ્લાના મહત્વના લોકમેળાઓનું અધ્યયન કરવામાં ઇ.સ.1991 થી 2001 ના ગાળા દરમીયાન પંચમહાલ જિલ્લાનું વિભાજન થતાં પંચમહાલ જિલ્લાના પૂર્વ વિભાગના તાલુકાઓ અલગ કરી નવીન દાહોદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો, સંશોધકે આ શોધપત્રમાં પંચમહાલ જિલ્લામાં ભરાતા વિવિધ લોકમેળાઓનો પરીચય કરાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.

## 2. મેળાનો મેળાનો અર્થ

'ભગવદ ગોમંડલ' માં જણાવ્યા પ્રમાણે મેળો એટલે અંત ઘડીએ છેલ્લો મેળાપ થવો. કોઈ ઉત્સવની ઉજવણી નિમિત્તે ભેગા થયેલા લોકોનો જન સમૂહ. આ સિવાય મેળાના અન્ય અર્થ જાત્રા, તમાશો, ખેલ, મેળાપ, મુલાકાત, સમાગમ જેવા થાય છે.

મેળો એટલે હળવું મળવું, પરંપરાગત રીતરિવાજ મુજબ નિયત કરેલા સ્થળે અને સમયે મળવું.

મેળાના સંદર્ભમાં ઇતિહાસકાર ડૉ. કુમારપાળ પરમાર જણાવે છે કે, "મેળાઓ, સમાજના સામાજિક અને સાંસ્કૃતિક જોડાણનો સેતુ છે અને તે પરંપરાઓ, મૂલ્યો અને ઇતિહાસને પ્રતિબિંબિત કરે છે".

મેળાનું અંગ્રેજી "Fair" એ લેટિન Foire, Fariae શબ્દમાંથી બન્યો છે જેનો અર્થ Holiday- પર્વ દિવસ એવો થાય છે. મેળાઓ પાછળ જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો તથા જીવનને આનંદથી માણવાનો હેતુ હોય છે. મેળો શબ્દ કદાચ મોડેથી પ્રચલિત થયો હોય તો પણ મેળાનો ઉત્સવ ઘણો પ્રાચીન છે. તેના અસંખ્ય પુરાવા પ્રાચીન ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. દરેક મેળાની સાથે તેના મહાત્મ્ય અને એ સ્થળની પ્રાચીનતાનો ઇતિહાસ સંકળાયેલો જોવા મળે છે. આમ, મેળાઓ આદિ–અનાદિકાળથી માનવજીવનમાં જોડાયેલા છે.

## 3. લોકજીવનમાં મેળાઓનું મહત્વ

જૂના જમાનામાં આજની જેમ મનોરંજનનાં વિપુલ સાધનો નહોતા ત્યારે લોકો ખેતી, ધંધા કે મજૂરીના રોજના એકધારા પરિશ્રમથી કંટાળીને થાકી જતા. આ થાક દૂર કરીને સમૂહ આનંદનું અને આત્મવિશ્વાસનું ભાથુ મેળો

મહાલનારને બાંધવા મળતું. વળી પ્રાચીનકાળમાં પર્વતીય પ્રદેશોમાં વાહનવ્યવહાર નહોતો. આદિવાસી વિસ્તારોમાં જીવન જરૂરિયાતની ચીજો મેળવવાનું મુશ્કેલ હતું. આર્થિક સ્થિતિને કારણે ઝાઝી ચીજો ખરીદવાનું કામ પણ કઠીન હોવાથી આદિવાસીઓની જીવન જરૂરિયાતની ચીજો ખરીદવા માટે અઠવાડિક (હાટ) મેળાઓનું આયોજન ગોઠવાતું.

આમ મેળો માનવીને આનંદ ખરીદી અને દેવદર્શનની અણમોલ તક પૂરી પાડે છે. શ્રધ્ધાના તાંતણે બંધાયેલો માનવી સંસારની સુખદુ:ખની ઘટમાળમાંથી રાહત મેળવવા ઈશ્વર તરફ અભિમુખ બને છે. દેવમંદિરોના સ્થળે ભરાતા મેળામાં જઈને માનવી આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરે છે. મેળાઓ આખો દિવસ કામ કરતા માનવીના જીવનમાં વૈવિધ્ય લાવી એના હૈયાને હળવું બનાવી આનંદથી ભર્યુંભાદર્યું બનાવે છે.

પ્રાચીન ભારતમાં નદી, પર્વત, સંગમતીર્થોની યાત્રા કે મહ (ઉત્સવ) ભરાતા એ ધાર્મિક મેળા હતા.એ મૂળ યજ્ઞ અને ઉત્સવનો પ્રકાર હતો. આવા ધાર્મિક ઉત્સવમાં–મહ માં સહું જાય તેથી તે યાત્રા કે જાત્રા પણ કહેવાતા. સામાજિક, ધાર્મિક મેળાના અર્થમાં મહ શબ્દ મહાભારત અને હરિવંશમાં અનેક સ્થળે મળે છે.પ્રાચીન ભારતમાં રાજા વ્યવસ્થિત રીતે 'મેળો' સંમેલન યોજે ત્યારે તે 'સમાજ' કહેવાતો, મૌર્ય સમ્રાટ અશોકના પ્રથમ શૈલલેખમાં 'સમાજ' શબ્દનો ઉલ્લેખ છે.પ્રાચીન ભારતમાં વિવિધ પ્રયોજન પ્રમાણે માનવ સમૂહો ભેગા થતાં ત્યારે તેમને માટે સમાજ, ગોષ્ઠી, ક્રીડા, ઉત્સવ, યાત્રા વગેરે શબ્દો વપરાતા જેનો અર્થ મેળા ને મળતો આવે છે.

## 4. મેળાના પ્રકારો

મેળા ના પ્રકારો નીચે મુજબ છે.

| **લોકમેળા** | **ધાર્મિક (કુંભ, નાના કુંભ)** | **પ્રદર્શનો** | **ઉત્સવો** | **સમય** |
|---|---|---|---|---|
| પ્રાદેશિક | પશુમેળા | સરકારી | હોળી, દિવાળી | અઠવાડિક |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

| | | | | |
|---|---|---|---|---|
| સ્થાનિક | અંધશ્રધ્ધાપ્રેરિત | પુસ્તક મેળા | જન્માષ્ટમી | અર્ધમાસિક |
| રાજ્યસ્તરના | પ્રદર્શનો | ઔધોગિક, કૃષિ | જાતિગત | સમયનિર્ધારિત |
| રાષ્ટ્રીય | ઉત્સવો | શૈક્ષણિક | હિંદુ | પ્રાસંગિક |
| આંતરરાષ્ટ્રીય | | | મુસ્લિમ | વાર્ષિક |

## 5. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પંચમહાલ જિલ્લાના વિવિધ લોકમેળાઓ

પંચમહાલ જિલ્લાના વિવિધ લોકમેળાઓની તિથી, ગામ અને સ્થાન દર્શાવતું કોષ્ટક

| ક્રમ | મેળાનું નામ | તિથિ | ગામ | મેળાના સ્થળ |
|---|---|---|---|---|
| 1 | કલેશ્વરીનો મેળો | કારતક સુદ પાંચમ | લુણાવાડા | કલેશ્વરી વાવ |
| 2 | મરડેશ્વર મહાદેવનો મેળો | અષાઢ વદ પૂનમ | શહેરા | મરડેશ્વર મહાદેવ |
| 3 | આમલી અગિયારસનો મેળો | આમલી અગિયારશ | બટકવાડા | બટકવાડા/સંતરામપુર |
| 4 | ચૂલનો મેળો | ધૂળેટી | સનિયાડા | ચૂલનો મેળો |
| 5 | પાવાગઢનો મેળો | ચૈત્રી પૂનમ | પાવાગઢ | મહાકાળી માતાનુંમંદિર |
| 6 | એકાક્ષી મંદિરનો મેળો | મહાશિવરાત્રી | ધાબા ડુંગરી | એકાક્ષી મંદિર ધાબા ડુંગરી ટેકરી |
| 7 | ભીમચોરીનો મેળો | શ્રાવણ માસનો સોમવાર | ટુવા ટીમ્બા | ગરમ ઠંડા પાણીના કુંડ તથા ભીમચોરી |

| | | | | |
|---|---|---|---|---|
| 8 | તરસંગનો મેળો | જન્માષ્ટમી | મોરવા | શિલાલેખવાળું શિવ મંદિર તરસંગનો ડુંગર |
| 9 | મહી –પૂનમનો મેળો | મહાસુદ પૂર્ણિમા | સંતરામપુર | નદીનાથ મહાદેવનું મંદિર |
| 10 | માનગઢ ડુંગરનો મેળો | કાર્તિક સુદ પૂનમ | માનગઢ ડુંગર | ગોવિંદગુરૂના સમાધી |
| 11 | કુતુબશાહનો મેળો | રમજાન ઇદ | કારંટા | પીર મહનશાહની દરગાહ |
| 12 | ચાડીયાનો મેળો | હોળી પાંચમ | કેવડીયા | કેવડીયા |

### 5.1 કલેશ્વરીનો મેળો

પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકા મથકથી આશરે 20 કિ.મી. ખાનપુર તાલુકામાં આવેલ લવાણા ગામે કલેશ્વરીની વાવ આવેલ છે. અહીં દર વર્ષે ફાગણ વદ આથમ ના રોજ મેળો ભરાય છે. અહીં વાવ પરિસરમાં દર ફાગણ વદ આઠમના રોજ એક દિવસીય મેળો ભરાય છે. પહેલાના સમયમાં મેળામાં 8000 થી 10000 લોકો ભાગ લેતા તેમાં ખાસ વિચરતી જ્ઞાતિના લોકો અહી આવે છે.

મેળામાં આવવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર દ્વારા બસોની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ઉપરાંત મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. મેળાના દિવસે લોકોની વ્યવસ્થામાં ગામ લોકો સેવા આપે છે. અહીં મંદિર સંચાલિત ધર્મશાળા તથા પાણીની પરબની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. તેમજ મેળા ના દિવસે રાત્રે ગામ લોકો દ્વારા ભજન કર્તાનિ પણ કરવામાં આવે છે.

### 5.2 મરડેશ્વર મહાદેવનો મેળો

શહેરા તાલુકા મથકથી 2 કિ.મી.ના અંતરે મરડેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલ છે. અહીં દર વર્ષે અષાઢ વદ પૂનમના રોજ મેળો ભરાય છે. અહીં મંદિર પરિસરમાં અષાઢ વદ પૂનમ ના રોજ એક દિવસીય મેળો ભરાય છે. પહેલાના સમયમાં મેળામાં 8000 થી 10 હજાર લોકો ભાગ લેતા જયારે વર્તમાન સમયમાં આશરે 30 હજારથી પણ વધુ લોકો મેળામાં ભાગ લે છે.

મેળામાં આવવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર દ્વારા બસોની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ઉપરાંત મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. મેળાના દિવસે લોકોની વ્યવસ્થામાં ગામ લોકો સેવા આપે છે તથા પોલીસ બંદાંબસ્તની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

### 5.3 આમલી અગિયારસનો મેળો

સંતરામપુર તાલુકાથી 11 કિ.મી. બટકવાડા ગામ આવેલ છે. અહીં દર વર્ષે આમલી અગિયારસ ના રોજ મેળો ભરાય છે. અહીં મંદિર પરિસરમાં આમલી અગિયારસના રોજ 1 દિવસીય મેળો ભરાય છે. પહેલાના સમયમાં મેળામાં 8000 થી 10 હજાર લોકો ભાગ લેતા અને અત્યારે આશરે 25 હજાર લોકો મેળામાં ભાગ લેતા જોવા મળે છે. તેમાં ખાસ આદિવાસી જ્ઞાતિના લોકો અહી વિશેષ પ્રમાણમાં આવે છે.

મેળામાં આવવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર દ્વારા બસોની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ઉપરાંત મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. મેળાના દિવસે લોકોની વ્યવસ્થામાં ગામ લોકો સેવા આપે છે.તથા પોલીસ બંદોબસ્તની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.અહીં મંદિર સંચાલિત ધર્મશાળા તથા પાણીની પરબની પણ વ્યવસ્થા છે મેળાના દિવસે રાત્રે ગામ લોકો દ્વારા ભજનકર્તિન પણ કરવામાં આવે છે.લોકો ખાસ કરીને ઢોલક મંજીરા, કરતાલ, ખંજરી, તબલા જેવા વાજીત્રો વગાડી આનંદ પ્રમોદ કરે છે.આ મેળામાં ઢોલ–થાળી વિશેષ આકર્ષણનું કેન્દ્ર હોય છે આ મેળામાં ગુજરાત સિવાય રાજસ્થાનના પણ લોકો વિશેષ

પ્રમાણમાં ભાગ લે છે તેવી વિગતો મળી આવે છે.

### 5.4 ચૂલનો મેળો, સનિયાડા

ધોધંબા તાલુકાથી 30 કિ.મી. અંતરે સનિયાડા ગામ આવેલ છે. અહીં દર વર્ષે ધૂળેટીના રોજ મેળો ભરાય છે. અહીં મંદિર પરિસરમાં ધૂળેટીના રોજ 1 દિવસીય ચુલનો મેળો ભરાય છે. આ મેળામાં આશરે 40 હજાર થી વધુ લોકો ભાગ લે છે.તેમાં ખાસ આદિવાસી અને કોળી જ્ઞાતિના લોકો અહીં વિશેષ પ્રમાણમાં આવે છે.

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. મેળાના દિવસે લોકોની વ્યવસ્થામાં ગામ લોકો સેવા આપે છે. ભકતો શ્રીફળ, અગરબતી ભોગબલી ચઢાવી માનતા પૂર્ણ કરે છે.મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો ઢોલના તાલે નૃત્યકરે છે.મેળામાં લોકો શેરડી, ખજુર અને પતાસાની ખરીદી વિશેષ પ્રમાણમાં કરે છે. મેળામાં લોકો માનતા પૂર્ણ કરી ધન્યતા અનુભવે છે. મેળામાં લોકગીતો અને નૃત્ય આકર્ષણનું કેન્દ્ર હોય છે તેવું જાણવા મળે છે.

### 5.5 પાવાગઢનો મેળો, મહાકાળીમાતાનું મંદિર

ગોધરાથી 47 કિ.મી. અંતરે ચાંપાનેર પાવાગઢ આવેલ છે. અહીં દર વર્ષે દરમાસની પૂનમ તથા ચૈત્રી પૂનમના રોજ મેળો ભરાય છે. અહીં મંદિર પરિસરમાં દરમાસની પુનમ તથા ચૈત્રી પુનમના રોજ પરંપરાગત લોકમેળાઓ ભરાય છે. મેળામાં આશરે એક લાખ થી વધુ લોકો ભાગ લે છે.તેમાં દરેક જ્ઞાતિના શ્રધ્ધાળુ લોકો મેળામાં માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. આ મેળામાં સમગ્ર ગુજરાત અને પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર તથા રાજસ્થાનના પણ કેટલાક શ્રધ્ધાળુઓ મેળામાં આવી માના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

મેળામાં આવવા માટે મેળાના દિવસે ગુજરાત સરકાર દ્વારા બસોની વ્યવસ્થા કરવામાં આવે છે આ ઉપરાંત ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. મેળાના દિવસે લોકોની વ્યવસ્થામાં ગામ લોકો સેવા આપે છે. ભકતો શ્રીફળ, પ્રસાદ, ફુલહાર ચઢાવી માનતા પૂર્ણ કરે છે. મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો રમકડા નાસ્તાના

સ્ટોલ તેમજ ખાણીપીણી કરી આનંદ મેળવે છે.મેળાના સફળ આયોજન માટે પંચમહાલ પોલીસ દ્વારા પોલીસ બંધોબસ્તની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.અહી પાવાગઢ પર્વત ઉપર જવા માટે રોપવેની પણ સુવિધા છે અહી રોકાવા માટે ધર્મશાળાની પણ સુંદર વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે.

### 5.6 એકાક્ષી મંદિરનો મેળો, ધાબાડુંગરી

ગોધરાથી લગભગ 45 કિ.મી.ના અંતરે પાવાગઢ જતાં માર્ગની ઉતર બાજુએ ધાબાડુંગરી ટેકરી આવેલ છે અહીં દર વર્ષ મેળો ભરાય છે. અહીં મંદિર પરિસરમાં મહાશિવરાત્રીના રોજ પરંપરાગત લોકમેળાઓ ભરાય છે. મેળામાં આશરે 10 હજારથી વધુ લોકો ભાગ લે છે. તેમાં દરેક જ્ઞાતિના શ્રધ્ધાળુ લોકો મેળામાં શિવ દર્શન કરી ધન્યતા અનુભવે છે. આ મેળામાં આદિવાસી અને કોળી જ્ઞાતિના લોકો અહીં વિશેષ પ્રમાણમાં આવે છે.

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. ભકતો શ્રીફળ, દૂધ, બીલીપત્ર, પ્રસાદ, ફૂલહાર ચઢાવી માનતા પૂર્ણ કરે છે.મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો રમકડા નાસ્તાના સ્ટોલ તેમજ ખાણીપીણી કરી આનંદ મેળવે છે.

### 5.7 ભીમચોરીનો મેળો

ગોધરાથી 18 કીમી અંતરે ટીંમ્બા ટુવા ગામે ગરમ ઠંડા પાણીના કુંડ તથા ભીમચોરી આવેલ છે. અહીં દર વર્ષે શ્રાવણ માસના સોમવારે મેળો ભરાય છે. અહીં મંદિર પરિસરમાં પરંપરાગત લોકમેળાઓ ભરાય છે. મેળામાં આશરે 60 હજારથી વધુ લોકો ભાગ લે છે. તેમાં દરેક જ્ઞાતિના શ્રધ્ધાળુ લોકો મેળામાં ભીમચોરીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.આ મેળામાં નવપરણિત યુગલો વિશેષ પ્રમાણમાં આવે છે.

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. ભકતો શ્રીફળ, પ્રસાદ, ફૂલહાર ચઢાવી માનતા પૂર્ણ કરે છે.મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો રમકડા તેમજ નાસ્તાના સ્ટોલ તેમજ ખાણી પીણી કરી આનંદ મેળવે છે.

### 5.8 તરસંગનો મેળો

શહેરા તાલુકાથી 10 કિ.મી.ના અંતરે મોરવા ગામે તરસંગ ગામ આવેલ છે. અહીં દર વર્ષેજન્માષ્ટમી ના રોજ મેળો ભરાય છે. અહીં મંદિર પરિસરમાં પરંપરાગત લોકમેળાઓ ભરાય છે. મેળામાં આશરે 80 હજારથી વધુ લોકો ભાગ લે છે.તેમાં દરેક જ્ઞાતિના શ્રધ્ધાળુ લોકો મેળામાં શિવ દર્શન કરી ધન્યતા અનુભવે છે. આ મેળામાં આદિવાસી અને કોળી જ્ઞાતિના લોકો અહીં વિશેષ પ્રમાણમાં આવે છે.

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. ભકતો શ્રીફળ, દૂધ, બીલીપત્ર, પ્રસાદ, ફુલહાર ચઢાવી માનતા પૂર્ણ કરે છે.મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો રમકડા નાસ્તાના સ્ટોલ તેમજ ખાણીપીણી થી આનંદ મેળવે છે.

### 5.9 મહી–પૂનમનો મેળો, મહાદેવનું મંદિર

સંતરામપુરથી 19 કિ.મી.ના અંતરે મહીસાગર નદીના પશ્ચિમે ડુંગર ઉપર નદીનાથ મહાદેવનું મંદિર આવેલ છે. અહીં દર વર્ષે મહાસુદ પૂર્ણિમા ના રોજ મેળો ભરાય છે. અહીં મંદિર પરિસરમાં મહાસુદ ચૌદશથી ત્રણ દિવસ સુધી મેળો યોજાય છે. મેળામાં આશરે 40 હજારથી વધુ લોકો ભાગ લે છે. આ મેળામાં કડાણા, સંતરામપુર, મુનપુર માલવણ તેમજ આજુબાજુના ગામોના શિવ ભકતો ઉપરાંત રાજસ્થાન અને મધ્ય પ્રદેશ રાજ્યના સરહદી જિલ્લાઓમાંથી પણ અહીં શ્રધ્ધાળુ લોકો મેળાની મઝા માણી ધન્યતા અનુભવે છે.

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. ભકતો શ્રીફળ, દૂધ, બીલીપત્ર, પ્રસાદ, ફૂલહાર ચઢાવી માનતા પૂર્ણ કરે છે.મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો રમકડા નાસ્તાના સ્ટોલ તેમજ ખાણી પીણી કરી આનંદ મેળવે છે.

### 5.10 માનગઢ ડુંગરનો મેળો

સંતરામપુરથી 23 કિ.મી.દુર માનગઢ ડુંગર આવેલ છે. અહીં દર વર્ષે કાર્તિક સુદ પૂનમના રોજ મેળો ભરાય છે. અહીં માનગઢ ડુંગર જયાં ગોવિંદગુરૂના સમાધી સ્થળે ભરાતા મેળામાં આશરે 15 હજારથી વધુ લોકો ભાગ લે છે. આ મેળામાં ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશાના શ્રધાળુઓ પરંપરાગત વેશભૂષામાં ભાગ લે છે આ મેળામાં આદિવાસી અને કોળી જ્ઞાતિના લોકો અહીં વિશેષ પ્રમાણમાં આવે છે.

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. ભકતો ગુગળ, પ્રસાદ, ફુલહાર ચઢાવી માનતા પૂર્ણ કરે છે.મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો રમકડા નાસ્તાના સ્ટોલ તેમજ ખાણી પીણી કરી આનંદ મેળવે છે.

### 5.11 કુતુબશાહનો મેળો

લુણાવાડાથી 19 કિ.મી.ના અંતરે કારંટા આવેલ છે. અહીં દર વર્ષે રમજાન ઇદ ના રોજ મેળો ભરાય છે. અહીં પીર મહનશાહની દરગાહ છે. અહી રમજાન ઇદના દિવસે દરેક ધર્મના લોકો આવે છે મેળામાં આશરે 4000થી વધુ લોકો ભાગ લે છે. તેમાં દરેક જ્ઞાતિના શ્રધ્ધાળુ લોકો મેળામાં પીરની માનતા કરી ધન્યતા અનુભવે છે. આ મેળામાં મુસ્લિમો વિશેષ પ્રમાણમાં આવે છે.

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. ભકતો ગુગળ, પ્રસાદ, ફુલહાર ચઢાવી માનતા પૂર્ણ કરે છે.મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો રમકડા નાસ્તાના સ્ટોલ તેમજ ખાણીપીણી કરી આનંદ મેળવે છે.

### 5.12 ચાડીયાનો મેળો, કેવડીયા

ગોધરાથી 10 કિ.મી.ના અંતરે પૂર્વમાં કેવડીયા આવેલ છે. અહીં દર વર્ષે હોળી પાંચમ ના રોજ મેળો ભરાય છે. અહીં કેવડીયા મુકામે હોળી પાંચમ ના રોજ મેળો ભરાય છે. મેળામાં આશરે આઠ હજારથી વધુ લોકો ભાગ લે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. મેળાના દિવસે લોકોની વ્યવસ્થામાં ગામ લોકો સેવા આપે છે. મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો ઢોલના તાલે નૃત્ય કરે છે.મેળામાં લોકો માટીના વાસણો, સ્ત્રી અલંકારો, શેરડી, ખજુર અને પતાસાની ખરીદી વિશેષ પ્રમાણમાં કરે છે. મેળામાં લોકગીતો અને નૃત્ય આકર્ષણનું કેન્દ્ર હોય છે.

## 6. ઉપસંહાર

પ્રસ્તુત અધ્યયન પંચમહાલ જિલ્લામાં ભરાતા વિવિધ લોકમેળાઓનો પરીચય કરાવવા માટે કરેલ હોઈ તેમાં જાણવા મળ્યું છે કે, પંચમહાલ જિલ્લામાં કલેશ્વરીનો મેળો, મરડેશ્વર મહાદેવનો મેળો, આમલી અગિયારસનો મેળો, ચૂલનો મેળો, પાવાગઢનો મેળો, એકાક્ષી મંદિરનો મેળો, ભીમચોરીનો મેળો, તરસંગનો મેળો, મહી –પૂનમનો મેળો , માનગઢ ડુંગરનો મેળો, કુતુબશાહનો મેળો અને ચાડીયાનો મેળો: એક કુલ 12 મેળાઓ ભરાય છે. જે કારતક, અષાઢ, ફાગણ, ચૈત્ર, શ્રાવણ, મહા અને રમજાન ઇદના પર્વમાં ભરાતા જોવા મળે છે.

આ મેળાઓમાં આનંદ પ્રમોદ માટે નૃત્ય કરે છે, વાસણો, અલંકારો, શેરડી, ખજુર અને પતાસાની ખરીદી કરવામાં આવે છે તેમજ મેળાઓમાં લોકગીતો અને નૃત્ય આકર્ષણનું કેન્દ્ર હોય છે.

## સંદર્ભ સૂચિ


- કલેશ્વરી સ્મારક સમુહ (2006). પુરાતત્વખાતુ. ગાંધીનગર: 12
- ગુજરાત સમાચાર (2013). પંચમહાલ–દાહોદ વડોદરા. આવૃત્તિ 11 માર્ચ 2013. પૃ. 4
- ઠાકર, મીનાક્ષી. (2006). પ્રવાસનભૂમિ ગુજરાત. મુંબઈ: નવભારત સાહિત્ય મંદિર: 14
- તોરવણે, મીલિન્દ (2007). વિકાસ વાટિકા. પંચમહાલ જિલ્લાની પાંચ વર્ષની વિકાસ યાત્રા. ગોધરા: શ્રી કલેકટર પંચમહાલ: 63
- પુરુષાર્થી. (2009). પંચમહાલ. ગાંધીનગર: માહિતી કમિશનરની કચેરી ગુજરાત રાજ્ય
- મકવાણા, જયંતિલાલ મણીલાલ (1955). પંચમહાલના આદિવાસીઓ. અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ: 62
- રાઠવા ભાવસિંહ (2009). પુરુષાર્થી પંચમહાલ. ગાંધીનગર: માહિતી ખાતુ ગુજરાત રાજ્ય: 3
- વિચાર ભારતી (2008). ગુજરાતના ભાતીગળ લોકમેળા વિશેષાંક 17, (6): 163
- સેદાણી, હસુતાબેન શશીકાંત (2001). ગુજરાતની લોક સંસ્કૃતિ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
- Government of Gujarat (1972). Panchmahals. District Gazetteers Gujarat state. Gandhinagar: Government of Gujarat: 89
- Rathod, M. R., & Soni, S. B. (2014). Life style of rural tribal consumers of Panchmahal district of Gujarat state. Journal of Management Research, 6(2), 93-98.